કચ્છ કડવા પાટીદાર ભાઈ- બહેનો જોગ

❁ જાહેર નિવેદન ❁

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે આપણી જ્ઞાતિના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની આરાધના સાથે જ્ઞાતિનું બીજું જાહેર અધિવેશન ૧૭ વર્ષ બાદ તા. ૨૧, ૨૨ અને ૨૩મે ૧૯૭૭, સં. ૨૦૩૩ જેઠ સુદ ૩, ૪ અને ૫ ને શની, રવિ અને સોમવારના મળી રહ્યું છે. સાથે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું પ્રથમ અધિવેશન પણ એ જ દિવસોમાં થાય છે

આપણા સૌને માટે ગૌરવનો વિષય ગણાય, કારણ કે આવા અધિવેશન થવાથી સમાજના નાના મોટા, આબાલ વૃદ્ધ અને દેશ, પરદેશ તેમજ ભારતના કોઈ પણ પ્રાંતમાં રહેતા સૌ એક સાથે બેસી સમાજોન્નતિની વાતો વિચારી શકે અને કાર્યરૂપ આપી શકે, સાથે પરસ્પરનો પરિચય કેળવાય.

આ અધિવેશન ભારે મહત્વનું બની રહેશે. કારણ કે આપણા સમાજનો એક મોટો ભાગ સાબરકાંઠા (કંપા વિસ્તાર) ગુજરાતમાં વસી રહ્યો છે તે પણ આ અધિવેશનમાં સામેલ છે.

આ અધિવેશન બોલાવવાના લેવાયેલ નિર્ણયની સાથે સમાજે બે અતિ મહત્વના નિર્ણય લીધા છે. (૧) આપણી સમગ્ર જ્ઞાતિનું વસ્તીપત્રક તૈયાર કરવું અને (૨) અધિવેશનના ખર્ચ માટે કચ્છના ગામો અને ગુજરાતના કંપાઓમાં જીવ દીઠ રૂપિયો એક ઉઘરાવવો.

આ તૈયાર થનાર વસ્તી પત્રકમાં જનસંખ્યાજ નહિં પરંતુ દરેકનું નામ, વય, વતન, અભ્યાસ, વ્યવસાય અને બીજી કેટલીક ઉપયોગી માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આ વસ્તીપત્રક તૈયાર થઈ જતાં કચ્છ, સાબરકાંઠા (ગુજરાત) અન્ય રાજ્યો અને વિદેશમાં વસવાટ કરતા આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું એક સ્પષ્ટ રેખા ચિત્ર રજુ કરતું માહિતી—પત્રક તૈયાર થયું ગણાશે.

આ વસ્તીપત્રકમાં આપનું નામ બાકાત ન રહી જાય તેવો આગ્રહ સૌએ રાખવો આવશ્યક લેખાશે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું એક પણ સંતાનનું નામ કે માહિતી છપાયા વિના ન રહેવા પામે તે ઇચ્છનીય ગણાશે.

છેવટે અધિવેશનના આ ભગીરથ કાર્યમાં અને વસ્તીપત્રક તૈયાર કરવાના કાર્યને પહોંચી વળવા માટે આપ સૌના સંપૂર્ણ સાથ સહકારની ઘણી જ જરૂર છે આ કાર્ય પોતાનું સમજી વહેલી તકે નખત્રાણા પધારી આપની સેવા નોંધાવશો. વધુને વધુ યુવાન કાર્યકર ભાઈઓ આ કાર્યમાં પોતાની શકિતનો પરિચય આપે એજ અપેક્ષા સાથે વીરમીએ છીએ.

લી.
અધિવેશન આયોજન સમિતિ
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ તથા
શ્રી અ. ભા. ક. ક. પા યુવક સંઘ

તા. ૧૨—૫—૭૭

૧૩-૫-૭૭ ૩૨૦ પ્રત -


Real Patidar
Unravel Truth

કચ્છી કડવા પાટીદાર ભાઈ- બહેનો જોગ

❀ જાહેર નિવેદન ❀

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે આપણી જ્ઞાતિના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની આરાધના સાથે જ્ઞાતિનું બીજું જાહેર અધિવેશન ૧૭ વર્ષ બાદ તા. ૨૧, ૨૨ અને ૨૩ મે ૧૯૭૭, સં. ૨૦૩૩ જેઠ સુદ ૩, ૪ અને ૫ ને શની, રવિ અને સોમવારના મળી રહ્યું છે. સાથે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું પ્રથમ અધિવેશન પણ એ જ દિવસોમાં થાય છે

આપણા સૌને માટે ગૌરવનો વિષય ગણાય, કારણ કે આવા અધિવેશન થવાથી સમાજના નાના મોટા, આબાલ વૃદ્ધ અને દેશ, પરદેશ તેમજ ભારતના કોઈ પણ પ્રાંતમાં રહેતા સૌ એક સાથે બેસી સમાજોન્નતિની વાતો વિચારી શકે અને કાર્યરૂપ આપી શકે, સાથે પરસ્પરનો પરિચય કેળવાય.

આ અધિવેશન ભારે મહત્વનું બની રહેશે. કારણ કે આપણા સમાજનો એક મોટો ભાગ સાબરકાંઠા (કંપા વિસ્તાર) ગુજરાતમાં વસી રહ્યો છે તે પણ આ અધિવેશનમાં સામેલ છે.

આ અધિવેશન બોલાવવાના લેવાયેલ નિર્ણયની સાથે સમાજે બે અતિ મહત્વના નિર્ણય લીધા છે. (૧) આપણી સમગ્ર જ્ઞાતિનું વસ્તીપત્રક તૈયાર કરવું અને (૨) અધિવેશનના ખર્ચ માટે કચ્છના ગામો અને ગુજરાતના કંપાઓમાં જીવ દીઠ રૂપિયો એક ઉઘરાવવો.

આ તૈયાર થનાર વસ્તી પત્રકમાં જનસંખ્યા જ નહિં પરંતુ દરેકનું નામ, વય, વતન, અભ્યાસ, વ્યવસાય અને બીજી કેટલીક ઉપયોગી માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આ વસ્તીપત્રક તૈયાર થઈ જતાં કચ્છ, સાબરકાંઠા (ગુજરાત) અન્ય રાજ્યો અને વિદેશમાં વસવાટ કરતા આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું એક સ્પષ્ટ રેખા ચિત્ર રજુ કરતું માહિતી—પત્રક તૈયાર થયું ગણાશે.

આ વસ્તીપત્રકમાં આપનું નામ બાકાત ન રહી જાય તેવો આગ્રહ સૌએ રાખવો આવશ્યક લેખાશે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું એક પણ સંતાનનું નામ કે માહિતી છપાયા વિના ન રહેવા પામે તે ઈચ્છનીય ગણાશે.

છેવટે અધિવેશનના આ ભગીરથ કાર્યમાં અને વસ્તીપત્રક તૈયાર કરવાના કાર્યને પહોંચી વળવા માટે આપ સૌના સંપૂર્ણ સાથ સહકારની ઘણી જ જરૂર છે આ કાર્ય પોતાનું સમજી વહેલી તકે નખત્રાણા પધારી આપની સેવા નોંધાવશો. વધુને વધુ યુવાન કાર્યકર ભાઈઓ આ કાર્યમાં પોતાની શકિતનો પરિચય આપે એજ અપેક્ષા સાથે વીરમીએ છીએ.

લી.

તા. ૧૨—૫—૭૭

અધિવેશન આયોજન સમિતિ
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ તથા
શ્રી અ. ભા. ક. ક. પા યુવક સંઘ

૧૩-૫-૭૭ ૩૨૦ મિત-

સતપંથ સમાજે અધિવેશનમાં ભાગ નહિ લેવા અંગેની જાહેરાત

કચ્છ અને ગુજરાત કડવા પાટીદાર સતપંથ સંપ્રદાયના ભાઇઓ જાહેર કરે છે કે અખીલ ભારત કડવા પાટીદાર સમાજનું આગામી અધીવેશન તા. ૨૧ – ૨૨ – ૨૩–૫–૭૭ના નખત્રાણામાં વિદ્યાર્થી ભવનમાં યોજવાનું જાહેર કરવામાં આવ્યું છે.

આ અંગે નખત્રાણામાં ગઇ તા. ૨૪–૪–૭૭ ના રોજ જનરલ સભા સમાજની મળી હતી જેમાં ચર્ચા વિચારણાના અંતે ધાર્મિક મતભેદોના કારણે આપણી સતપંથી સમાજે આ અધીવેશનમાં ભાગ નહિં લેવાનું નકકી કરવામાં આવેલ છે

જેની આથી સૌને જાણ કરવામાં આવે છે.

લી.

સતપંથ સંપ્રદાય સમાજ કચ્છ

કડવા મિત્ર ૭.૫.૭૭

૧૭ વર્ષ પછી નખત્રાણામાં મળશે

કચ્છ કડવા પાટીદાર સમાજનું દ્વિતીય અધિવેશન.

પુજ્ય વાલદાસજીનાં આશિર્વાદ સાથે અધિવેશન ખુલ્લું મુકાશે

ભુજ તા. ૧૭ : નખત્રાણા ખાતે ૧૭ વર્ષ બાદ જ્ઞાતિનું દ્વિતિય અધિવેશન તથા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું પ્રથમ અધિવેશન તા. ૨૧થી ૨૩ મે ૧૯૭૭ના રોજ યોજાનાર છે આ ત્રણ દિવસ ચાલનાર અધિવેશનના કાર્યક્રમોની રૂપરેખા અધીવેશન આયોજન સમિતિના પ્રમુખ શ્રી ખીમજી નાગજી પટેલે એક નિવેદન દ્વારા આપી છે.

પુર્ણાહુતિ પ્રસંગે હાજરી આપશે ગુજરાત વિ. સભાનાં અધ્યક્ષ શ્રી કુન્દનલાલ ધોળકીઆ



શ્રી ખીમજી નાગજી પટેલ માજી ધારાસભ્ય અને દ્વિતિય પટેલ સમાજનાં અધિવેશન સમિતિનાં પ્રમુખ

હવન પાન મુર્તિ સ્થાપના

નિવેદન દ્વારા શ્રી પટેલે જણાવ્યું છે કે તા ૨૧ મીના રોજ સવારે હવન તથા ઉમીયાજીની પાન મુર્તિ સ્થાપના પ્રાર્થના ખંડમાં કરવામાં આવશે કાર્યક્રમ અને વિષય વિચારણી સમિતિની સંયુકત સભા તેમજ રાત્રે યુવકો માટે સ્વાધ્યાય ચિંતનિકા અને ત્યારબાદ સમાજ અને યુવકસંઘની વિષય વિચારણીની અલગ અલગ સભા રાખવામા આવેલ છે.

મહિલા સંમેલન

શ્રી ખીમજીભાઇ નાગજી પટેલ નિવેદન દ્વારા વધુમાં જણાવ્યું છે કે મહિલા પ્રતિનિધીઓને માંગણીના સંદર્ભમાં તા. ૨૨ મીના રોજ સવારે ૮ વાગે યુવકસંઘ આયોજીત મહિલા સંમેલન રાખવામાં આવેલ છે.

અધિવેશન આશિર્વાદ

નિવેદનમાં વધુમાં જણાવ્યું છે કે તા. ૨૨મીના રોજ રાત્રે ૮ વાગે વિદ્વાન પુ. વાલદાસજીના આશીર્વાદ સાથે જ્ઞાતિનું અધીવેશન ખુલ્લું મુકાનાર છે.

તૈલચિત્રની અનાવરણવીધી

નિવેદનમાં વધુમાં જણાવ્યું છે કે તા. ૨૩મીના રોજ સવારે બહારથી આવેલા મહેમાનોનું સ્વાગત તેમજ સમાજના આદ્ય સુધારક અને પ્રથમ ટ્રસ્ટીઓના તૈલચિત્રની અનાવરણ વીધી તેમજ જાહેરસભા રાખવામાં આવી છે.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શ્રી કુન્દનલાલ ધોળકીયા અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે અને કચ્છમાં સામાજીક વિકાસ અંગે માર્ગદર્શન આપશે.

જાહેર અધિવેશન

નિવેદન વધુમાં જણાવ્યું છે કે બપોરે ત્રણ વાગે અ. ભા. ક. ક પા યુવકસંઘનું જાહેર અધીવેશન રાખવામાં આવેલ છે તેમજ રાત્રે યુવક સંઘની નવ નિયુક્ત કારોબારી સમિતિ તેમજ યુવક કાર્યકરોની સભા રાખવામાં આવી છે.

સતત ત્રણ દિવસ ચાલનારા અધીવેશનમાં સૌએ સક્રીયપણે રસ લઇ અધીવેશનને સફળ બનાવવા સૌને અધીવેશન આયોજન સમિતિ તરફથી વિનંતી કરવામાં આવી છે.

લોક પ્રશ્નોને વાચા આપતા

સ્થળ પર જ પ્રશ્નોનો નિકાલ

ભુજ તા. ૧૭ : ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી કુન્દનલાલ ધોળકીઆએ કચ્છના પ્રતિનિધી તરીકે કચ્છના નખત્રાણા તાલુકાનાં કેટલાક ગામોની મુલાકાત લીધી હતી અને ગામનાં સળગતા અને વણ ઉકેલાયેલા વર્ષો જુના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કર્યો હતો. જીલ્લાનાં અધિકારીઓ પણ લોકપ્રશ્નોને વાચા આપતા હતા અને પ્રશ્નોનાં ઉકેલ માટે પોતે જાતે મથતા હતા.

જીલ્લા કલેકટર શ્રી [illegible] અને વિજળી ખાતાનાં સુપ્રિન્ટેન્ડીંગ ઈન્જીનીઅર શ્રી પરીખે પણ લોકપ્રશ્નોને હલ કરવા સારો રસ દાખવ્યો હતો.

નખત્રાણા તાલુકાનાં ગામોમાં સ્થળ પર જ અધિકારીઓ સાથે હોતા લોકોના નાનામોટા અનેક પ્રશ્નો હલ થતા હતા. શ્રી કુન્દનભાઈ કચ્છનાં પ્રજાના વિકાસ કાર્યોની સાથોસાથ લોકપ્રશ્નો હલ કરવા જે ઝુંબેશ હાથ ધરી છે તેનાં પરિણામે ઘણાં વણ ઉકેલાયેલા પ્રશ્નો સહેલાઈથી હલ થઈ શકતા હતા.

20-5-77



કરીએ જંગલમાં જઇએ અને ઝાડનું લાકડું કાપી લાવીએ. એમાંથી મારા માટે નવી ત્રાક અને તમારા માટે ચપ્પાનો નવો હાથો બનાવી લઇએ.'

વૃધ્ધ જંગલમાં ગયો અને કાપવા માટે એક ઝાડ પસંદ કર્યું તે તેની કુહાડી મારવા જાય છે ત્યાં જ જંગલદાદા આવી પહોં-ચ્યા. તેમણે બરછટ છાલના વસ્ત્ર પહેર્યાં હતાં. વાળમાં ચીડની શંકુ ઝુંપડી આગળ એક પાટલી પર તેઓ બંને બેઠા

'આપણે જંગલદાદાને શું આપવાનું કહીશું? અઢળક ધન માગીશું? તે આપશે?'

'અઢળક ધન શા માટે માગું? ધન છુપાવીશું કયાં? કોઇ રાત્રે આવીને ચોરી જશે તે...? ના, આપણે ધન નથી જોઇતું...!'

'તો આપણે ઘણી બધી ગાયો અને ઘેટાં માગીશું.'

તેમણે વિચાર કર્યા જ કરે પણ કંઈ જ નકકી કરી શક નહિ તેમને જેની જરૂર હતી બધું તેમની પાસે હતું, ના તેમની પાસે જે ન હતું તે તે પોતાના બાવડાના શ્રમથી મેળ શકતાં હતાં. ડોસો પાટલી પર ઉભો થયો. તેણે કહ્યું:

'જંગલદા પાસે શું માગ તે મને ખબર છે, ડોસી.'

તે જંગલમા ગયા. જંગલદાદા આવ્યા.

'તારે શું જોઇએ છે તે [તેં વિચાર કર્યો, ડોસા?'

'હા', ડોસાએ કહ્યું. 'આ એવી ત્રાક અને ચપ્પાનો હ જોઇએ છે જે કયારે ય નહિ અને એવાં બાવડાં જોઇ છે જે હંમેશાં મજબુત રહે. ક થાય તો અમારે જે કંઇ જોઇ તે મેળવી શકીએ.'

'તથાસ્તુ' જંગલદાદાએ ક ત્યારથી ડોસો તથા ડે સુખથી જીવે છે. ડોસો નેતરમ ટોપલીઓ ગુંથે છે અને ઉન ગુંથી હાથમોજા બનાવે છે આમ તેઓ તેમનુ ગુજ કરે છે.

તેમનું જીવન સરસ સુખી છે!

— કલ્પના શાહ,

ગ્રામના અબજમાં ભાગને ચકાસતું અદ્દભુત સાધન

સોવિયેત વિજ્ઞાનોની અકાદમીના નિષ્ણાતોએ માઇક્રોકોલમ કોમેટોગ્રાફર તૈયાર કર્યું છે જે એક ગ્રામ પ્રમાણના અબજમાં ભાગનો અભ્યાસ કરવા સમર્થ છે.

વિજ્ઞાનીઓ આ સાધનનો ઉપયોગ વર્ણપટનાં અલ્ટ્રા વાયોલેટ અને દ્રશ્ય પટમાંના સુક્ષ્મ રજકણોના અભ્યાસ ઉપરાંત સુક્ષ્મ જીવાણુશાસ્ત્ર અને પ્રજનનશાસ્ત્ર ક્ષેત્રે પણ કરશે. શરીરના કોષોમા ચાલતી સંકુલ રસાયણિક પ્રક્રિયાઓનો અભ્યાસ ઉપરોક્ત સાધન દ્વારા થશે. રોગોની સારવારમાં પણ તબીબી વિજ્ઞાનીઓને તે સહાયભુત થશે.

આ સાધનનું વ્યાપક ઉત્પાદન ૧૯૭૭માં પ્રારંભાયું છે અને તેની બલ્ગેરિયા, હંગેરી અને અન્ય દેશો ખાતે નિકાસ થશે.


સંગ્રહક: ભાટીયા મુકેશ વલ્લભદાસ
તેરા — કચ્છ.

વિદેશ વસતા કચ્છીઓ અને કચ્છ

દરેક વિદેશીઓને સ્વદેશના લોકો એક યા બીજા પ્રકારે જાકારો આપે છે અને મુંબઇ ત્થા આફ્રિકાના તોફાનો વખતે વિદેશી કચ્છીઓ વતનમાં દોડી આવ્યા હતા એ વાતો તાજી જ છે તેથી વિદેશમાં વસતા કચ્છી ભાઇ બહેનોએ પોતાના કચ્છના ગામોમાં પોતે આફતને વખતે ... આટલો મળે તેટલું મુડી રોકાણ કરીને કચ્છમાં પોતાનું મકાન અને ઉદ્યોગ સ્થાપવો જ જોઇએ. ગૃહ-ઉદ્યોગો સ્થાપીને કચ્છના બેકાર લોકોને મદદ કરવી જોઇએ સાથે સાથે પોતાની આજીવિકા પણ ઉભી કરવી જોઇએ કચ્છ પાસે બધું છે જરૂરત છે સાહસિક ઉદ્યોગપતિઓના હિંમતની મુડી રોકાણની

કચ્છને નંદનવન બન તમારી તમામ શકિતઓ ક રોકો દુઃખમાં વતનથી વ કોઇ નથી. તેથી કચ્છના દર્દો હમેશને માટે દુર થા માટે તમામ પ્રકારની શ વતનમા રોકો વતનની મ પ્યાર કરો વતન તમને સુ જીંદગી આપશે.

— મેહુલ ચંદ્રવદન



સતપંથ સમાજે અધિવેશનમાં ભાગ નહિ લેવા અંગેની જાહેરાત

તા. ૩-૫-૭૭

કચ્છ અને ગુજરાત કડવા પાટીદાર સતપંથ સંપ્રદાયના ઈઓ જાહેર કરે છે કે અખીલ ભારત કડવા પાટીદાર સમાજનું ામો અધીવેશન તા. ૨૧ – ૨૨ – ૨૩–૫–૭૭ના નખત્રાણામાં વિદ્યાર્થી ભવનમાં યોજવાનું જાહેર કરવામાં આવ્યું છે.

આ અંગે નખત્રાણામાં ગઈ તા. ૨૪–૪–૭૭ ના રોજ જનરલ સભા સમાજની મળી હતી. જેમાં ચર્ચા વિચારણાના અંતે ધાર્મિક મતભેદોના કારણે આપણી સતપંથી સમાજે આ અધીવેશનમાં ભાગ નહિં લેવાનું નકકી કરવામાં આવેલ છે

જેની આથી સૌને જાણ કરવામાં આવે છે.

લી.

સતપંથ સંપ્રદાય સમાજ કચ્છ



શુક્રવાર તા. ૩-૬-૭૭ “કચ્છ...

કુરિવાજોને તિલાંજલી આપવા ગૃહમંત્રી શ્રી વ્યાસનો અનુરોધ

કચ્છ કડવા પાટીદાર સંમેલનમાં પ્રવચન કરતા શ્રી પોપટલાલ વ્યાસ નજરે પડે છે. બાજુમાં વલજીબાપા, શ્રી ખીમજી નાગજી પટેલ, શ્રી ખીમજી લખમશી પટેલ, શ્રી સામજીભાઈ મુખી, શ્રી પ્રેમજીભાઈ પુંજા વિગેરે નજરે પડે છે

(બ્લોક : કચ્છમિત્રનાં સૌજન્યથી)



ફોન નં. ૬૦ અને ૪૪૭

૨૮-૫-૭૭

નખત્રાણા ખાતે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સંમેલન પ્રસંગે પ્રવચન કરતા ગુજરાત રાજ્યના ગૃહમંત્રી શ્રી પોપટલાલ વ્યાસ, મંચ પર ધારાસભ્ય શ્રી મહેશભાઈ ઠક્કર તેમજ પાટીદાર સમાજના આગેવાનો જણાય છે.

કિંમત ૨૫ પૈસા

તા, ૨૧, ૨૨, ૨૩ મેનાં રોજ

કડવા પાટીદાર ભાઈ – બહેનોનું બીજું અધિવેશન કચ્છમાં

યુવક સંઘનું પ્રથમ અધિવેશન પણ બોલાવાશે

ભુજ તા ૭: આગામી તા. ૨૧ મેથી ૨૩ મે લગી ૩ રોજ કડવા પાટીદાર જ્ઞાતિનાં ભાઇ–બહેનોનું બીજું અધિવેશન નખત્રાણા ખાતે યોજવાની તડામાર તૈયારીઓ થઇ રહી છે.

આ અધિવેશનની સાથોસાથ અખિલ કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું પ્રથમ અધિવેશન પણ એજ દિવસોમાં ભરાનાર છે.

આ અધિવેશનમાં સાબરકાંઠામાં કંપાઓમાં સ્થાયી થયેલા પાટીદાર ભાઇઓ મોટી સંખ્યામાં હાજર રહેનાર છે.

પાટીદાર જ્ઞાતિનું વસ્તીપત્રક તૈયાર કરવા માટે પણ નિર્ણય આવ્યો છે.

કચ્છકડે મઢાયેલું પાટીદાર અધિવેશન

નખત્રાણા ખાતે ગયા મહિનાની ૨૧, ૨૨, અને ૨૩મી તારીખે મળી ગયેલા પાટીદાર અધિવેશનના કેટલાક દશ્યોને ફિલ્મ ડિવીઝને કચ્છકડે મઢી લીધાં છે.

ગૃહ પ્રધાન શ્રી પોપટલાલ વ્યાસ જયારે અધિવેશનને સંબોધીને સામાજીક કુરીવાજો ત્યાગવા સમાજને હાકલ કરી રહયા હતા ત્યારે સરકારી મુવી કેમેરાએ આ દશ્યો ઝડપી લીધા હતા.

મંત્રીશ્રીના લાગણીસભર આગમન થકી અચાનક ગોઠવાયેલા વધારાના આ કાર્યક્રમમાં ઓછી જાણકારી છતાં લગભગ સાતથી આઠ હજાર પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં ૧૫૦૦થી ૨૦૦૦ મહિલાઓનો પણ સમાવેશ થતો હતો.

પાટીદાર સમાજ તરફથી ગરીબોને મીઠાઈ

દિનોદ્ધાર ક. ફંડ દ્વારા વિતરણ

ભુજ તા. ૨૭ કડવા પાટીદાર સમાજ નખત્રાણા તરફથી શ્રી દીનોધ્ધાર માનવ કલ્યાણ ફંડ દવારા સમસ્ત સમાજનાં દુ:ખીભાઈ બહેનોને જમાડવામાટે દેશીઘીની મીઠાઈ કિલો ૧૫૦ આસરે આપવામાં આવતા તેમનો ફંડની ફંડના સંચાલક એમ. એમ, ખંડેલ તરફથી જાહેર આભાર માનવામાં આવ્યો છે.

આ મીઠાઈ ભુજમાં ફંડદવારા મહેરઅલી ચોકમાં ચાલતા ભોજનાલયમાં જમવા આવતા દુ:ખીભાઈ બહેનોને તા. ૨૯-૫-૭૭થી તા. ૩૧-૫-૭૭સુધી જમાડવામાં આવશે ઉપરાંત અન્ય દુ:ખી ભાઈબહેનોને પણ તે આપવામાં આવશે જેનો તેનો લાભ લેવા વિનંતિ છે.

ઘેલી
માટે
અમદાવાદ
ઓર્ડર
અથવા
દરબાર-
૧૦-૩૦
થવા.
ાર
કચ્છી
ધોરણ
ભાઈ-
મેળવવા
ની વંડી
૭ સુધિ
જ્ઞાતિઓ
જવા
D.

અધિવેશનમાં હાજરી આપવા....

ચલો નખત્રાણા ચલો નખત્રાણા

શ્રી કચ્છ કડવા

પાટીદાર ભાઈ બહેનો જોગ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

અને

શ્રી અ. ભા. ક. ક. પાટીદાર યુવક સંઘનું

જાહેર અધિવેશન તા. ૨૧—૨૨ અને તા ૨૩ મી મેના રોજ મળી રહ્યું છે. અધિવેશનની તૈયારીઓ પૂરી થઈ ગઈ છે ગામે ગામથી મોટી સંખ્યામાં પાટીદાર જ્ઞાતિનાં ભાઈબહેનો અધિવેશનમાં આવવા ઉમટી રહ્યાં છે

અધિવેશનમાં આવનારની સગવડતા ખાતર ખસ બસ રૂટોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૨૧ — ૨૨ — ૨૩ મેનાં રોજ યોજાયેલ સર્વે કાર્યક્રમોમાં સક્રિય પણે ભાગ લઈ કાર્યક્રમો સફળ બનાવવા સૌને હાર્દિક વિનંતી અને આમંત્રણ છે

સ્થળ :
પાટીદાર વિદ્યાર્થીભવન

લી. કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા — કચ્છ

કચ્છ મિત્ર ૨૯-૫-૧૯૭૭



કચ્છી કડવા પાટીદાર સમાજ

વિસાળ અધિવેશન માટે વિરાટ તૈયારીઓ

યુવક અને મહિલા સંમેલન ભરવાનો ઐતિહાસિક નિર્ણય

નખત્રાણા ખાતે મળનારા કચ્છી ક. પાટીદાર સમાજના અધિવેશનની તારીખો મે માસમાં ૨૧, ૨૨ અને ૨૩ નક્કી થઇ છે. તાજેતરમાં નખત્રાણા ખાતે સમાજની મધ્યસ્થ કારોબારીની બેઠક પ્રમુખ શ્રી ખીમજી નાગજી પટેલના પ્રમુખસ્થાને મળી હતી તેમાં આ તારીખો નકી કરવામાં આવી છે.

સમાજના ઉપપ્રમુખ શ્રી વાલજી બાપાએ આપેલા અંદાજ મુજબ અધિવેશન પાછળ અઢીથી ત્રણ લાખ રૂપિયા ખર્ચ થશે આ માટે ફંડ એકત્રિત કરાઇ રહયું છે સમાજના નાનામાં નાનો માણસ પણ અધિવેશન પોતાનું ગણી શકે તે માટે માથાદીઠ એક રૂપિયો ફંડમાં ઉઘરાવવાની યોજનાનો અમલ થઇ રહયો છે.

અધિવેશનને સફળ બનાવવા માટે શ્રી ખીમજી લખમશી અને શ્રી અમરાજ પ્રેમજીની આગેવાનીમાં યુવક મંડળના કાર્યકરો જહેમત કરીને પ્રવૃતિમાં લાગી ગયા છે.

કચ્છના ગામડે ગામડે લોકસંપર્કનું કાર્ય પણ પૂર ઝડપે આગળ વધી રહયું છે

નખત્રાણા ખાતે આયોજન કચેરી પણ શરૂ થઇ ગઇ છે.

સામાન્ય અધિવેશન દરમ્યાન સમાજની બહેનોનું અધિવેશન પણ ચાર કલાક માટે બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. સ્ત્રી જાગૃતિની દિશામાં પાટીદાર સમાજનું આ પગલું ખૂબ જ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. સમગ્ર સમાજના બીજા ભાગોથી પાટીદાર સમાજ જરા પણ પાછળ નથી તે આ નિર્ણયથી સિદ્ધ થાય છે

ભુજ ખાતે ગત ૨૦મી એપ્રીલના પાટીદાર બહેનોની મળેલી સભામાં મહિલા મંડળની સ્થાપના કરવામાં આવી છે. જેના પ્રમુખપદે શ્રીમતી હીરાબેન વિશનજી પટેલ ઉપપ્રમુખો શ્રીમતી પાર્વતીબહેન માધવજી તથા શ્રીમતી નર્મદાબેન નારાણભાઇ, મંત્રી તરીકે શ્રીમતી મંજુલાબેન નાનાલાલ ઉકાણી અને સહમંત્રી તરીકે શ્રીમતી ભાનુબેન વાલજીભાઇ અને કુ. ભગવતી મણીલાલ તેમજ ખજાનચી તરીકે શ્રીમતી સવિતાબેન વેલજીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત ૯ કારોબારી સભ્યો અને ૪ સલાહકાર બહેનો લેવામાં આવ્યા છે.

વાપ 5-૨૮-૪-૭૭

કચ્છી કડવા પાટીદાર ભાઈ-બહેનો જોગ

જાહેર નિવેદન

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે આપણી જ્ઞાતિના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની આરાધના સાથે જ્ઞાતિનું બીજું જાહેર અધિવેશન ૧૭ વર્ષ બાદ તા. ૨૧, ૨૨ અને ૨૩ મે ૧૯૭૭, સાં. ૨૦૩૩ જેઠ સુદ ૩, ૪ અને ૫ ને શની, રવિ અને સોમવારનાં મળી રહ્યું છે. સાથે શ્રી અખિલ ભારતીય કચ્છી કડવા પાટીદાર યુવક સંઘનું પ્રથમ અધિવેશન પણ એજ દિવસોમાં થાય છે.

આપણા સૌને માટે ગૌરવનો વિષય ગણાય, કારણ કે આવા અધિવેશન થવાથી સમાજના નાના મોટા, આબાલ વૃદ્ધ અને દેશ, પરદેશ તેમજ ભારતના કોઈપણ પ્રાંતમાં રહેતા સૌ એક સાથે બેસી સમાજોન્નતિની વાતો વિચારી શકે અને કાર્યરૂપ આપી શકે, સાથે પરસ્પરનો પરિચય કેળવાય

આ અધિવેશન વધારે મહત્વનું બની રહેશે. કારણ કે આપણા સમાજનો એક મોટો ભાગ સાબરકાંઠા (કંપા વિસ્તાર) ગુજરાતમાં વસી રહ્યો છે. તે પણ આ અધિવેશનમાં સામેલ છે.

આ અધિવેશન બોલાવવાના લેવાયેલ નિર્ણયની સાથે સમાજે બે અતિ મહત્વના નિર્ણય લીધા છે (૧) આપણી સમગ્ર જ્ઞાતિનું વસ્તી પત્રક તૈયાર કરવું અને (૨) અધિવેશનના ખર્ચ માટે કચ્છના ગામો અને ગુજરાતના કંપાઓમાં જીવ દીઠ રૂપિયે એક ઉઘરાવવો

આ તૈયાર થનાર વસ્તી પત્રકમાં ફક્ત જનસંખ્યાજ નહિં પરંતુ દરેકનું નામ, વય, વતન, અભ્યાસ વ્યવસાય અને બીજી કેટલીક ઉપયોગી માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આ વસ્તીપત્રક તૈયાર થઈ જતાં કચ્છ, સાબરકાંઠા (ગુજરાત) અન્ય રાજયો અને વિદેશમાં વસવાટ કરતા આપણી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિનું એક સ્પષ્ટ રેખા ચિત્ર રજુ કરતું માહિતી—પત્રક તૈયાર થયું ગણાશે.


આ વસ્તી પત્રકમાં આપનું નામ બાકાત ન રહી જાય તેવો આગ્રહ સૌએ રાખવો આવશ્યક લેખાશે. કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિનું એકપણ સંતાનનું નામ કે માહિતી છપાયા વિના ન રહેવા પામે તે ઇચ્છનીય ગણાશે.

છેવટે અધિવેશનના આ ભગીરથ કાર્યમાં અને વસ્તી પત્રક તૈયાર કરવાના કાર્યને પહોંચી વળવા માટે આપ સૌના સંપૂર્ણ સાથ સહકારની ઘણી જ જરૂર છે આ કાર્ય પોતાનું સમજી વહેલી તકે નખત્રાણા પધારી આપની સેવા નોંધાવશો. વધુને વધુ યુવાન કાર્યકર ભાઈઓ આ કાર્યમાં પોતાની શકિતનો પરિચય આપે એજ અપેક્ષા સાથે વીરમીએ છીએ.

લી.
અધિવેશન આયોજન સમિતિ
શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ તથા
શ્રી અ. ભા. ક. ક. પા. યુવક સંઘ.

તા. ૬—૫—૭૭

૩૨૮૦ । मित्र ८-५-७७



કચ્છી ૨૯-૫-૭૭

કચ્છી કડવા પાટીદાર સમાજનાં

નખત્રાણા ખાતેનાં અધિવેશનમાં અઢાર જેટલા મહત્વનાં ઠરાવો પસાર થયાં

કચ્છ કડવા પાટીદાર ભાઈ બહેનોનું ખુલ્લું અધિવેશન પાટીદાર સમાજના પ્રમુખ શ્રી ખીમજી નાગજી પટેલના પ્રમુખપદે મળેલ જેમાં પૂ. વાલદાસજી મહારાજ પણ હાજર રહ્યા હતા.

પ્રારંભમાં શીવદાસ બાપાએ પ્રવચન કરતાં જણાવ્યું કે આપણે સૌએ સંપીને કાર્ય કરવું જોઇએ. આપણામાં જો ભાગલા પડી જશે તો આપણી પ્રગતિ થઈ શકશે નહી.

પૂ. વાલદાસજી મહારાજ આશિર્વાદ આપતાં જણાવ્યું કે આપણી જ્ઞાતિના સૌ કોઈ ભેગા થયા છે એ ભગવાનનું સ્વરૂપ છે એમાં મને ભગવાનના દર્શન થાય છે.

તેઓએ વધુમાં જણાવ્યું કે કચ્છ અને કચ્છ બહારથી પધારેલા આપણી જ્ઞાતિના લોકોને સમક્ષ જણાવ્યું કે તમને જોઇને હું ખુબ જ આનંદ અનુભવું છું

ત્યાર બાદ વિષય વિચારણી સમિતિએ આવેલ રીત રીવાજોના ફોર્મમાંથી તારવણી કરી ૧૮ જેટલા બંધારણના ઠરાવો રજુ કર્યા હતા જેને સૌએ તાળિઓના ગડગડાટથી વધાવી લીધા હતા અને સર્વાનુમતે પસાર થયા હતા જેમા મુખ્ય ઠરાવોમાં લગ્ન, સગાઈ, છુટ છેડા, સમુહિક લગ્નો તેમજ બાહ્ય આચરણો એટલે કે બાહરના રીત રીવાજોના ઠરાવો પર ચર્ચા કરવામાં આવેલ અને વિસ્તાર સહિત તેને સમજાવવામાં આવેલ.

બાહ્ય આચરણ પર સમાજના આગેવાનો શીવદાસબાપા, ખીમજી માસ્તર વગેરે જણાવ્યું કે આપણી જ્ઞાતિ એક જ છે સત્પંથી પુરી સંખ્યામાં આવેલ નથી પરંતુ તેઓ એ આપણે સૌએ ઘડેલ બંધારણને માન્ય કરશે અને તે પ્રમાણે ચાલશે એવી આશા વ્યકત કરવામાં આવી હતી.

પ્રમુખપદેથી શ્રી ખીમજી માસ્તરે પ્રવચન કરતા જણાવ્યુ કે મને આવા વિશાળ અધિવેશનમાં ભાગ લેવા આવેલ જ્ઞાતિના લોકોને જોતા આનંદ થાય છે. આપણો સમાજ વધુને વધુ પ્રગતિ કરે તે માટે બંધારણમાં ફેરફાર કરવામા આવ્યા છે એટલું જ નહી દુઃખી લોકોનો દુઃખ જોવાય અને તેને પણ બંધારણ મુજબ ચાલવામાં અડચણ ન થાય તેવું બંધારણ ઘડવામાં આવેલ છે. તેમજ નાનો કે મોટો આપણી સમાજનો ભાઈ સાથે ખભેખભા મિલાવીને કાર્ય કરી શકે એવું બધારણ ઘડવામાં આવેલ છે

તેઓએ વધુમા યુવક સંઘને અભિનંદન આપતાં જણાવ્યુ કે યુવક સંઘ આખા ભારતમા પોતાનું સંગઠન ઉભું કર્યું છે એટલું જ નહી અધિવેશનને સફળ બનાવવા માટે ગામડે ગામડે ફરી વળીને લોકસંપર્ક સાધીને આ અધિવેશન સફળ બનાવવામા મહત્વનો ભાગ ભજવ્યો છે.

મહિલા સંમેલન જોતા અધિવેશન સફળ થયો છે એમ લાગ્યા વગર રહે નહિં એટલે વિશાળ હાજરી બહેનોની તરી આવતી હતી બહેનોએ ઘણો ઉત્સાહ બતાવ્યો છે

ગૃહરક્ષક દળ

(પહેલા પાનાથી ચાલુ)

ચિનુભાઈ તથા અન્ય આગ્રણીઓના સંદેશાનું વાંચન શ્રી જગદિશ મહેતાએ કર્યું હતું.

પ્રમુખસ્થાનેથી બોલતા શ્રી મણીલાલ લક્ષ્મીચંદ વોરાએ હોમગાર્ડઝની પ્રવૃતિને નાગરિક સંરક્ષણ પ્રવૃતિ તરીકેનું મહત્વ સમજાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ ઠક્કર, ધારાસભ્ય શ્રી મેગજીભાઈ મોથારીયા, મુન્દ્રા નગરપતિ શ્રી ભોગીલાલ મહેતા. શ્રી નાનાલાલ ગોર, શ્રી અબ્દુલકાદર ખાનાએ પ્રાસંગિક પ્રવચન કર્યાં હતાં.

કેમ્પની વિગતો આપતાં મુન્દ્રાના ઓફિસર કમાન્ડીંગ શ્રી મજેઠીયાએ જણાવ્યું હતુ કે પંદર દિવસ ચાલનારા આ કેમ્પમાં જીલ્લાભરમાંથી ૧૭૫ હોમગાર્ડઝ ભાગ લઈ રહ્યા છે તેમને રાયફલ ટ્રેનીંગ, ફાયરીંગ, નાગરિક સંરક્ષણ અગ્નિશામક, ફર્સ્ટ એઇડ વગેરેની તાલીમ પોલીસદળના ૬ ઇન્સ્ટ્રકટર દ્વારા આપવામાં આવશે

આ પ્રસંગે પ્રમુખ શ્રી મણીલાલભાઈએ રૂા ૭૦૧નું દાન જાહેર કર્યું હતું. જ્યારે કચ્છના આગ.ઉના હોમગાર્ડઝ કમાન્ડન્ટશ્રીઓ દ્વારા ૫ શિલ્ડની જાહેરાત કરવામાં આવી હતી.

અંતમાં આસિસ્ટન્ટ કેમ્પ કમાન્ડન્ટશ્રી ફતેહસિંહજી જાડેજાએ આભારવિધી કરી હતી.

તંત્રી : મૃદુલતા ભાટીયા, મુદ્રક પ્રકાશક અને માલીક શ્રી મધુકાંત
કાર્યાલય વા[illegible]વાડમાંથી પ્રગટ કર્યું

ભારે સફળતાને વરેલું અધિવેશન

યુવકોએ મોટી સંખ્યામાં આપેલી હાજરી

નખત્રાણા તા. ૨૨ : નખત્રાણા ખાતે મળી રહેલા અધિવેશનને ભારે સફળતા પ્રાપ્ત થઈ છે. હજારો ભાઈ બહેનો અને મોટી સંખ્યામાં યુવકો આ સંમેલનમાં હાજરી આપી હતી.

શ્રી ખીમજી નાગજી પટેલ, શ્રી ખીમજીભાઈ લખમશી લીંબાણી શ્રી પ્રેમજીભાઈ પુંજા પટેલ, શ્રી દેવજીભાઈ વાલજી પટેલ અને સંખ્યાબંધ ભાઈબહેનો, આગેવાનો, કાર્યકર સ્વયંસેવકો અધિવેશનને સફળ બનાવ્યો હતો.

અધિવેશનનાં આંગણેથી

- કુરિવાજો નાબુદ કરવા વડિલોને નારાજ કરવા પડે તો પણ વાંધો નથી.
- આવતા પાંચ વર્ષમા નિરક્ષરતા આ સમાજમાં નાબુદ કરવા નિર્ણય લો.
- સમાજવાદની સાથે કદમ મિલાવો છો એ માટે સૌને ધન્યવાદ.
- લગ્ન એ કોન્ટ્રેક્ટ નથી, એ તો પવિત્ર સંબંધ છે
- બહેનોની ઓજલ પ્રથાને હવે તે તિલાંજલી જ આપો.
- દહેજ પ્રથા હવે શોભે નહી.
- આ દેશમા કોઈ છૂત નથી અછૂત નથી.
- લોકશાહીને જીવંત રાખવાનું કામ તમારૂં છે
- જનતા અને જનતારાજ ભેગા થઈ કામ કરે તો જ કામ થઈ શકે.
- ૩૦ વર્ષ પછી પણ આજે શિક્ષણનું પ્રમાણ ૩૪ ટકાથી વધુ નથી.
- શિક્ષણ વિના કોઈ દેશ પ્રગતિ કરી શકે નહીં.
- સમાજ આખો કામ કરતો નથી, પરંતુ જુદા જુદા અંગો કામ કરે છે
- સમાજના કુરિવાજો નાબુદ કરવા યુવકો હવે જાગ્રત બને.
- અહિંના પ્રશ્નો મારા ધ્યાનમાં જ છે.

– શ્રી પોપટલાલ વ્યાસ

(નખત્રાણા ખાતે કચ્છ ક. પાટીદાર સમાજનાં અધિવેશનમાં પ્રવચનમાંથી)

: સતપંથ સમાજના ભાઈઓ તરફથી આવેલ કાગળની નકલ

વિષયઃ - આગામી અધિવેશન બાબત.

અમો આ નીચે સહી કરનારાઓ કચ્છ કડવા પાટીદાર સતપંથ સંપ્રદાયના આગેવાન ભાઈઓ આપને જણાવીએ છીએ કે વરસોથી ચાલી આવતી સમાજ અધિવેશન ભરવાબાબત આપણે પ્રવૃત્તિ થતી રહી છે. તે બાબતમાં રૂઢી રીત રિવાજો સુધારવા માટે પણ પ્રવૃત્તિ થતી છે.

અમારા જાણવામાં આવેલ છે કે તા. ૧-૧૧-૭૫ થી ૩૦-૪-૭૬ માં પાટીદાર વિદ્યાર્થી ભવનના ઓટલા પર થી જાણવા મળેલ છે કે આવતા અધિવેશનમાં ધાર્મિક બાબતોની પણ કેટલીક ચર્ચાવિચારણા કરવામાં આવનાર છે.

સમાજ ના અધિવેશન અને ૧૯૬૦ થી જે અધિવેશન ભરવામાં આવે તેમાં કેવળ સમાજની આર્થિક ઉન્નતી અને સામાજીક રીતરિવાજો માટે ચર્ચાઓ થઈ શકે પરંતુ સમાજ સાથે ધાર્મિક બાબત માટે કોઈ ચર્ચા થઈ શકે નહી કે માટે જો ધાર્મિક બાબત ચર્ચાશો તો આપણા સમાજના ભાઈઓની ધાર્મિક લાગણી દુભાયતો તે વખતે મોટો ઉકાપો થાય અને તેવા પ્રસંગો સમાજના આગલા પહે તેમજ તા. ૭-૩-૭૬ના રોજ દેશલપર વાલજીની સભા વખતે ઉપસ્થિત થયેલા તેમા ઠરાવ તે પ્રથમાં સનાતન ધર્મને અથવા ધાર્મિક બાબત તેમ જણાવવામાં આવ્યુ છે. તો આ વર્ષે પાછલો ઠરાવથી તેમ જણાવવામાં આવ્યુ છે કે ઘણી આપણી
[illegible]
સમાજમાં કેટલીક વસ્તુઓ ના કારણે જે કોર્ટ કચેરી ના કેસ કાયમ થતા હતા તે બધા બંધ થઈ સમાજિક કાયમી ભાઈચારો મેળવતા થઈ છે. તે કેટલાક લોકો ને ગમતું નહી હોય તેથી ફરી સમાજમાં વિવાદ ઉભો થાય તેને માટે મતભેદ ઉભો કરી સમાજની પાયમાલી કરવી એવી પરિસ્થિતી ની ઘણી આ પ્રવૃત્તિથી ઉભી થશે તેવું અમારે માનવું છે.

આપની ... પ્રવૃત્તિ કાર્યોથી જણાય છે કે ચોરી અને ભેદ સંબંધ ને વિવાદ ઉભો થાય તેવી વાત છે. આપણી સમાજમાં બધા લગ્નો સતપંથની વિધી ચોરી ના ચાર ફેરા ફરાવી થાય છે. જ્યારે હિન્દુ રીત જ હિન્દુ સંસ્કૃતિ અને આજ નહી પણ સનાતન કાળથી અને જ્યારથી સમાજ રચના થઈ ત્યારથી આર્ય સંસ્કૃતિ ઉભી થઈ ત્યારથી આર્યસંસ્કૃતિ ને ... ફેરા ચાર પ્રકારના સંસ્કાર હોય છે.

૯ - જાહેરમાં પ્રચાર કરવો

૨: – [illegible] પુસ્તકો વાંચવાથી દૂર રહેવું [illegible]

૩ – [illegible] ના [illegible]
૪ – જમીનમાં મૃત દેહને ખુલ્લો મૂકી દેવો.

જેને આપણે લોક ભાષામાં ભૂમિદાહ, જળદાહ, અગ્નિ દાહ અને વન દાહ ના હકીકત આજથી નહીં પરંતુ વેદકાળની છે. તે વખતે વેદને આધારીને મૃત દેહનો નીકાલ કરવામાં આવેલ છે. એ હકીકત સમર્થ વિદ્વાન પુરુષ પંડિત પાંડુરંગ શાસ્ત્રીને પણ આપેલ [illegible] આધારી વાતને તેમણે તો પણ ટેકો આપે છે. આજે જેટલે આપણે ધાર્મિક વીવાદ ઉભો કરીને આપણા સમાજ માં ભેદ [illegible] પ્રવૃત્તે છે. તે આ સમય ઉભો કરવાની પ્રવૃત્તિ હોય એમ જણાય છે. આપણી પાટીદાર સમાજની બહાર આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં કડવા પાટીદાર લગભગ સતપંથ સંપ્રદાય તેજ માનતા હતા અને તે સમય દરમ્યાન લગભગ મૃત દેહ અને ભૂમી દાહ આપવામાં આવતો હતો. પરંતુ ત્યારબાદ [illegible] ની કેટલીક સમાજના ભાઈઓએ પણ નવી [illegible] પંથની પ્રવૃત્તિ શરુ કરી એમ [illegible] પંથ, કબીર પંથ, સ્વામી નારાયણ પંથ, આર્યપંથ, [illegible] વગેરે જુદાજુદા મતમતાંતરો પ્રમાણે તેજ સમાજના ભાઈઓ ધર્મ પાળે છે. તો ધર્મ ઉપર સમાજને કોઈ [illegible] કરવાની હોવી નથી.

ઉપરોક્ત હકીકત સતપંથ સંપ્રદાયના ભાઈઓને આપવાની [illegible] અનુભવ [illegible] કરી છે. કારણ કે, આજથી

[illegible] સંપ્રદાયના આગેવાન ભાઈઓએ સતપંથ ધર્મની વિરુદ્ધમાં જાહેર સભાઓમાં ટીકાઓ, જાહેર [illegible] ટીકાઓ સતપંથી [illegible] રજુ [illegible] તેના ઉપર માટે [illegible], [illegible] અને સતપંથી પ્રમુખો [illegible] વાવટાના [illegible] ભારતના [illegible], [illegible] પાઘડીઓ ઉતારી લેવાના બનાવો બન્યા છે. અને તેવા બનાવોના [illegible] સમાજમાં [illegible] પ્રવર્તે છે. અને પોત પોતાના [illegible] ધર્મનું પાલન કરે છે તેમાં [illegible] ધર્મની [illegible] માનવું રહ્યું. [illegible] હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે જે ભૂમી દાહ [illegible] તેમાં માટે જે [illegible] કરી ને ભૂમી દાહ [illegible] જે [illegible] હિન્દુ સંસ્કૃતિ [illegible] વેદના આધારે [illegible] મુસ્લિમ, [illegible] ના [illegible] સમાવેશ થાય છે. અને તે [illegible] પાડે છે. [illegible] તા. ૩-૭-૭૬ ના [illegible] સંપ્રદાયના [illegible] થયા છે. અને તેઓને પણ તેમના [illegible] અખિલ ભારત નવ યુવક સંઘ

૩.

.....૩.....

ના અગ્રીમ કાર્યકર શ્રી દેવજી ભગુ વાલજી એ એ બધા ભાઈ ઓની સંમતી થી પણ તણ મહાપુરુષ ને [illegible] ભુમી દાહ કરવામાં આવેલ અને આ જગ્યા એ દતી હાલ લગાવાની જરૂર રહેતી નથી પરંતુ આપણી સમાજના પુજ્ય ગુરૂ શ્રી આધવદાસજી તે પણ હિન્દુ સંસ્કૃતિ અને વેદના આધાર ભુમી દાહ કરવામાં આવેલ છે. તો એટલે આ ગોરસ મજુતી ન માટે પહેલી તક નોંધ કરવા જાહેરાત કરશા અન અધિવેશન સમિતી ના પ્રોસીડીંગ્સ મા ઠરાવ મુકી ને સતપંથી ભાઈઓને તેની નકલ જાણ થવા માટે રવાના કરશો. તો પછી જ આપણે અધિવેશન ના જુલેસ મા સંબંધ બની શકશુ.

નોંધ કદાચ ઉપરોકત હકિકતને ધ્યાન મા નહિ લેવાય અને જો ધર્મની ટીકા કે નીંદા થશે તો ભારત મા જ્યાં જ્યાં સન-પંથી સેવકો છે. તેઓ આ બાબતમા કાયદેસર પગલા લે છે.

એજ લી. અમો નિચે સહિઓ
કરનાર: ભાઈઓ.

ઉપરોકત હકીકત તા: ૧૪-૭-૭૬ ના દીને ગામ દેવપુર જખવાળી સ[illegible] સતપંથી સમાજના ભાઈઓ નિચે નામ વાળા [illegible] સમજ વિચ-રીને આપને જાણ માટે નકલ મોકલાવેલ છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈ બહેનો જોગ

જાહેરાત

આથી અમો સતપંથી ભાઈઓ જાહેર કરીએ છીએ કે 'કચ્છમિત્ર' દૈનિક તા:- ૩-૫-૭૭ના સતપંથ સંપ્રદાય સમાજ કચ્છ તરફથી સતપંથ સમાજે અધિવેશનમાં ભાગ નહિ લેવા અંગેની જાહેરાતના મથાળા હેઠળ જે જાહેરાત આપેલ છે તે વાંચી અમો આશ્ચર્ય અનુભવીએ છીએ. ગઈ તા:- ૨૪-૪-૭૭ના રોજે નખત્રાણા મધ્યે જે જનરલ સમાજની સભા મળેલ હતી તેમાં ધાર્મિક બાબતે કોઈ ચર્ચા થયેલ ન હતી. ફક્ત અધિવેશનને સફળ બનાવવા અંગેની જ ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. એમ અમારૂં માનવું છે. આ જાહેરાતથી આપણી સમાજમાં ગેરસમજણ ઉભી થવા સંભવ રહે છે. આથી અમે કચ્છ-ગુજરાત અને અન્ય પ્રાંતોમાં વસતા કચ્છ કડવા પાટીદાર સમાજના સૌ ભાઈ બહેનોને આગામી તા:-૨૧-૨૨ અને ૨૩મી મે,'૭૭ના મળનાર અધિવેશનને સફળ બનાવવા માટે ભલે ભલા મળાવી સાથ સહકાર આપવા માટે હાર્દિક વિનંતી કરીએ છીએ.

લિ. સતપંથ સંપ્રદાયના ભાઈયો

[redacted]

[redacted]